સામેલ : ઠરાવનો નમુનો.

# :: ઠરાવનો નમુનો ::

**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ., હિંમતનગરની ૭૭ મી વાર્ષિક સાધારણ સભામાં સહકારી મંડળી સભાસદોએ પોતાના પ્રતિનિધિની નિયુક્તિ માટે કરી મોકલવાના ઠરાવનો નમુનો.**

---

ધી.................................. ગૃપ વિ.કા.સેવા સહકારી મંડળી લી. મુ. .................. પો. .......................

તા. .......................... જિ.સાબરકાંઠા / અરવલ્લીની તા. / /૨૦૨૫ના રોજ મળેલ વ્યવસ્થાપક કમિટિની

મીટીંગમાં પસાર થયેલ ઠરાવ નં. .................... ની અસલ ઉપરથી ખરી નકલ.

---

ઠરાવ નંબર :-

વિષય : ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. હિંમતનગરની ૭૭મી વાર્ષિક સાધારણ સભામાં ભાગ લઈ તમામ જાતનું કામકાજ કરવા અધિકાર આપવા બાબત.

દરખાસ્ત મુકનાર :- શ્રી .........................................................................................

ટેકો આપનાર :- શ્રી .........................................................................................

<u>**ઠરાવ :-**</u>

આપણી મંડળી ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.,હિંમતનગરની સભાસદ છે અને તેની ૭૭મી વાર્ષિક સાધારણ સભામાં આપણી મંડળી વતી તમામ જાતનું કામકાજ કરવા મંડળીના અધિકૃત પ્રતિનિધિ તરીકે શ્રી..................................................................... ને અધિકાર આપવામાં આવે છે. અને આ ઠરાવની સહી - સિક્કાવાળી ખરી નકલ સંઘને મોકલી આપવાની સત્તા મંડળીના ચેરમેન / મેનેજરશ્રી / સેક્રેટરીને આપવામાં આવે છે.

- અસલ ઉપરથી ખરી નકલ કરી

- સર્વાનુમતે મંજુર -

(મંડળીનો ગોળસિક્કો)

સ્થળ :

તારીખ : / /

**મેનેજર / સેક્રેટરી ચેરમેન**

**ધી ............................................... લી.**

ચેરમેનશ્રી મો. :..........................

**(હોદ્દાનો સિક્કો લગાવી સહી કરવી)**

સેક્રેટરીશ્રી મો. :..........................

ફક્ત સભાસદો માટે જ

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર
# ૭૭મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગરના સહકારી મંડળી સભાસદો તથા 'અ' વર્ગના વ્યક્તિ સભાસદોના ડેલીગેટોને જાણ કરવામાં આવે છે કે આપણા સંઘની ૭૭ મા વર્ષની વાર્ષિક સાધારણ સભા **તા.૧૧-૦૯-૨૦૨૫, ગુરૂવાર** ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે **BAPS સ્વામિનારાયણ મંદિર, કાંકણોલ**-હિંમતનગરમાં નીચે મુજબ ના કામો કરવા માટે મળશે. તો તે સમયે અધિકૃત પ્રતિનિધિશ્રીએ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે.

૧) ગત તા. ૨૬-૦૯-૨૦૨૪ નારોજ મળેલ વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ રજુ કરી મંજુર કરવા.

૨) સને ૨૦૨૪-૨૫ના હિસાબી વર્ષના કામકાજનો અહેવાલ તથા હિસાબો, વેપાર પત્રક, નફાતોટા પત્રક અને સરવૈયાને સંઘની મેનેજીંગ કમિટિએ સાધારણ સભાની મંજુરી માટે ભલામણ કરેલ છે તેને મંજુર કરવા.

૩) સંઘના પેટા નિયમો અનુસાર સને ૨૦૨૪-૨૫ના વર્ષના ચોખ્ખા નફાની કરેલ વહેચણી સંઘનીમેનેજીંગ કમિટિએ સાધારણ સભાની મંજુરી માટે ભલામણ કરી છે તેને મંજુર કરવા.

૪) સંઘના પેટા નિયમ નં.૧,૪,૭ (૧), ૭ (૩), ૭(૫), ૩૩ (૮), ૪૨ (૯)(અ) માં ફેરફાર અંગે.

૫) સંઘના સને ૨૦૨૩-૨૪ના વર્ષના ઓડિટ મેમાની સંઘની મેનેજીંગ કમિટિએ કરેલ દુરસ્તી બહાલ રાખવા.

૬) સને ૨૦૨૫-૨૬ના વર્ષનું સંઘનું અંદાજપત્ર મંજુર કરવા બાબત.

૭) પ્રમુખશ્રીની પરવાનગીથી સંઘના હિતમાં યોગ્ય રીતે રજુ કરવામાં આવે તેવા બીજા કામો ઉપર વિચારણા કરવા.

---

ગુજરાત રાજ્ય સહકારી કાયદાની કલમ ૧૫ (ક) મુજબ ''અ'' વર્ગના વ્યક્તિ સભાસદોમાંથી ચૂંટાયેલ ડેલીગેટો જ વાર્ષિક સાધારણ સભાના કામકાજ માટે સભામાં હાજરી આપી જરૂર પડે મતદાન કરશે. બીજો ''અ'' વર્ગના વ્યક્તિ સભાસદો સાધારણ સભામાં હાજર રહી સાધારણ સભાની કાર્યવાહી જોઈ શકશે પણ તેમને કોઈપણ જાતનો અધિકાર રહેશે નહીં.

**સ્થળ : હિંમતનગર**
**તારીખ : ૧૮-૦૮-૨૦૨૫**

**સંચાલક મંડળ વતી,**
**શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ**
**ચેરમેનશ્રી**
**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ ., હિંમતનગર**

**નોંધ :-**

૧. તા..૧૧-૦૯-૨૦૨૫ની સાધારણ સભા નોનકોરમ થશે તો સંઘના પેટાનિયમ ૨૭ (અ) મુજબ તે સભા તેજ દિવસે અડધા કલાક બાદ ફરી મળશે. અને જે તે એજન્ડા મુજબનું કામકાજ કરશે.

૨ સંઘના પેટા કાયદા નં.૨૬ મુજબ આ સંઘની તમામ સભ્ય સહકારી મંડળીઓએ સંઘની સાધારણ સભામાં મોકલવાના તેમના પ્રતિનિધિને અધિકૃત કરવા ઠરાવ કરીને ઠરાવની સહી સિક્કાવાળી ખરી નકલ તા.૦૮-૦૯-૨૦૨૫ સુધીમાં અત્રે પહોંચાડવી.

૩. આ અહેવાલ અને હિસાબો આપને મળ્યા પછી તેને લગતી કોઇ વધારાની માહિતીની જરૂર હોય તો તા.૦૮-૦૯-૨૦૨૫ પહેલા સંઘની હેડ ઓફિસે લેખીત આપવા વિનંતી છે.

૪. સંઘના અ વર્ગના મંડળી સભાસદોએ ધારણ કરેલ શેર ઉપર જાહેર કરેલ ડિવીડન્ડની રકમ જે તે મંડળીના બેંક ખાતામાં જમા આપવામાં આવશે. તેથી દરેક મંડળીઓએ બેંક એકા. નંબર સંઘમાં લેખીતમાં અવશ્ય આપેલ હોવો જોઈશે તથા વ્યક્તિ સભાસદોએ સંઘની હેડ ઓફિસેથી ડિવીડન્ડની રકમ મેળવી લેવી નહિતર સંઘના પેટા કાયદા નં.૪૩ મુજબ ત્રણ વર્ષની અંદર તે રકમની માંગણી નહિ કરવામાં આવે તો તે રિઝર્વ ફંડ ખાતે જમા કરવામાં આવશે.

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

## હિંમતનગર

**સ્થાપના તા. ૨૪-૨-૧૯૪૯** **રજીસ્ટ્રેશન નંબર : ૧૨૫૮૯**

## વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓ

| અ.નં. | સભ્યશ્રીનું નામ | પ્રતિનિધિત્વ | હોદ્દો | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જેઠાભાઇ પ્રભુદાસ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | ચેરમેન | જામળા,તા.હિંમતનગર |
| ૨ | શ્રી હસમુખભાઇ દયાળજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વા.ચેરમેન | મેઢાસણ,તા. મોડાસા |
| ૩ | શ્રી રાજેન્દ્રકુમાર અમૃતભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | માનદ્ મંત્રી | રતનપુર, તા. ઇડર |
| ૪ | શ્રી ભીખાભાઇ કાંહ્યાભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | મોહનપુર, તા. ભિલોડા |
| ૫ | શ્રી જગદીશભાઇ શામજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | કોટેશ્વર ફાર્મ, વડાગામ તા.ધનસુરા |
| ૬ | શ્રી મણીભાઇ ઇશ્વરભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | અંબાવાડા, તા. પ્રાંતિજ |
| ૭ | શ્રી જશુભાઇ જગુભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | રૂદ્રમાળા,તા. ખેડબ્રહ્મા |
| ૮ | શ્રી દિનેશભાઇ વરવાભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વદરાડ, તા.પ્રાંતિજ |
| ૯ | શ્રી બાબુભાઇ ગોપાળભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | તલોદગામ, તા. તલોદ |
| ૧૦ | શ્રી બાબુભાઇ મથુરભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ચોઇલા, તા. બાયડ |
| ૧૧ | શ્રી ગોપાળભાઇ મોહનભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ઉભરાણ, તા. માલપુર |
| ૧૨ | શ્રી હરીભાઇ દલજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વસાઇ, તા. ઇડર |
| ૧૩ | શ્રી ભરતભાઇ જયંતિભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ધામડી, તા. વડાલી. |
| ૧૪ | શ્રી સંજયકુમાર બાબુલાલ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | બલોચપુરકંપા, તા.હિંમતનગર |
| ૧૫ | શ્રી બાબુભાઇ અમીચંદભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વામોજ, તા. હિંમતનગર |
| ૧૬ | શ્રી લલીતકુમાર મંગળદાસ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | અંબાવાડા, તા.પ્રાંતિજ |
| ૧૭ | શ્રી હસમુખભાઇ ચીમનભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | હડિયોલ, તા. હિંમતતનગર |
| ૧૮ | શ્રી અરવિંદભાઇ વિશ્રામભાઇ પટેલ | સા.કાં. બેન્ક પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | લક્ષ્મણપુરા કંપા, તા. વડાલી |
| ૧૯ | શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહ. મંડળીઓ | સહકારી ખાતાના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | હિંમતનગર |

## :: બેન્કર્સ ::

**ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ,**
**હિંમતનગર**

**સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા**
**હિંમતનગર**

**એકસીસ બેંક લિં.**
**હિંમતનગર**

**એચ.ડી.એફ.સી. બેંક**
**હિંમતનગર**

**ડૉ.આર.એસ.પટેલ**
**મેનેજર**
ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

## :: સંઘની વેપારી પ્રવૃત્તિઓ ::

### હેડઓફિસ હિંમતનગર ખાતે વિભાગોની કામગીરી :-

### ★ ઈલેક્ટ્રીક વિભાગ :-

આ સંઘના ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા ક્રોમ્પટન, બજાજ જેવી પ્રખ્યાત કંપનીઓના સીલીંગ તથા ટેબલ ફેન, ટ્યુબ લાઈટ, લેમ્પ, એરકૂલર, લાઈટીંગનો સામાન, સિંચાઈ તથા પાણી ચઢાવવા તથા ફ્લોર ફેક્ટરી માટેની મોટરો તથા મીક્ષર, ઈસ્ત્રી, પંચાયત ફીક્ચર્સ, ઈલેક્ટ્રીક તથા ગેસ ગીઝર, અવધૂત વલોણા યંત્ર, અનાજ ઉપણવાના પંખા, એન્કર તથા વલ્કન કંપનીની લાઈટફીટીંગને લગતી તમામ એસેસરીઝ તથા હેવેલ્સ, ફીનોલેક્ષ્સ તથા આર.આર. કમ્પનીના કેબલ, સાયરન, ફ્યુઝ ચેઈન્જ ઓવર સ્વીચ, હેન્ડ બ્લેડર, એલ.ઈ.ડી. સોલર ટોર્ચ, પાવર સેવર રીચાર્જેબલ ઈન્વેટર લેમ્પ, ઈલેક્ટ્રીક સગડી, વિગેરેનું વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૨૪,૫૬,૮૨૦-૪૪** નું વેચાણ થયેલ છે.

### ★ કાપડ વિભાગ :

હેડ ઓફિસના મુખ્ય શો-રૂમમાં ચાલતા કાપડ વિભાગમાં રેમન્ડ, વિમલ તથા સિયારામ જેવી ખ્યાતનામ મીલોના દરેક જાતનાં શુટીંગ, શર્ટીંગ, રેડીમેઈડ પેન્ટ-શર્ટ, ધોતી, પ્રીન્ટેડ છીંટ, માદર પાટ, વોશેબલ ગાદલાં, રજાઇ, ઓશીકા, ગાદી, તકીયા, ચાદરો, ગાલીચા, શેતરંજી, સોલાપુર ચોરસા, જયપુરી રજાઇ,પગલૂછણીયા, હોજીયરી, સોફાદડી, પડદાનું કાપડ, ટેપેસ્ટી, આસન, મોદપાટ (જાજમ), ગરમ શાલ, ધાબળા,સ્વેટર, મફલર-ટોપી, મોજા, તાડપત્રી, છત્રીઓ, રેઈનકોટ, મચ્છરદાની તથા સેન્ચ્યુરી કંપનીના મેટ્રેસ / ગાદલાં વિગેરેનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. આપની જરૂરીયાત માટે આપના કાપડ વિભાગની મુલાકાત લેવા હું અનુરોધ કરું છું.

આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા**. ૮૩,૩૫,૩૫૭-૯૪** નું વેચાણ થયેલ છે.

### ★ સુપર માર્કેટ :

વિકસતા વેપાર ધંધાને તથા ગ્રાહકોની વધતી જતી માંગ અને સગવડતા માટે ગ્રાહક પોતાની રૂચિ મુજબ જરૂરી ચીજવસ્તુઓ ખરીદી શકે તે માટે આ વિભાગમાં પ્રોવિઝન આઈટમ તથા કરીયાણાની ચીજ વસ્તુઓ જેવી કે, દાળો, ખાદ્યતેલ, ખાંડ, ગોળ, મમરા, પાપડ, ખાખરા, બેસન, મેંદો તેમજ સુકોમેવો ખજુર, ગરમ મસાલા, ચા, ટુથપેસ્ટ, બ્રશ ન્હાવા-ધોવાના સાબુ, પાવડર, ટેલ્કમ, પાવડર, બિસ્કીટ, ચોકલેટ, હેરઓઈલ, અગરબત્તી, જીપ-એવરેડી સોલાર હાથબત્તી તથા પાવર વગેરેનું વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગની સાથે દિવાળી સિઝનમાં સારી જાતની મીઠાઈ, ફરસાણનું વેચાણ કરવામાં આવે છે. તેમજ આ વિભાગમાં સેલો તેમજ ખ્યાતનામ કંપનીઓના ગૃહ ઉપયોગ પ્લાસ્ટીક ગુડઝ જેવી કે, ડોલ, ડસ્ટબીન, ટબ, ખુરશી ટેબલ વગેરે આઈટમોનું વેચાણ કરવામાં આવે છે.

તદ્ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની વિવિધ સ્વરોજગારી માટેના સાધનોના કીટ્સના નોડલ તરીકે વિતરણની કામગીરી કરવામાં આવે છે તેમજ શાળાઓ માટે મધ્યાહન ભોજનોના વાસનોની કિટ્સ તથા સેનેટરી સાધનોનું વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૧૫,૧૧,૧૫૭-૮૦** નું વેચાણ થયેલ છે.

### ★ બિયારણ- પાકરક્ષક દવા વિભાગ :

આ વિભાગમાં ખેડૂતો ને સારી ગૂણવત્તાનાં વ્યાજબી ભાવે હાઈબ્રીડ બિયારણો જેવા કે ગુજરાત બીજ નિગમ, ગુજકોમાસોલ, કૃભકો જેવી કંપનીઓના સર્ટીફાઈડ તમામ પ્રકારના હાઈબ્રીડ બીયારણો જેવા કે કપાસ, દિવેલા, ઘઉ, મકાઈ, મગફળી(સીંગદાણા), બાજરી, ડાંગર, જીરૂ, વરીયાળી, તુવર, મગ, અડદ, ઘાસચારા માટે રજકો, ચીકોળી, સરકાર માન્ય બી.ટી. કપાસના બિયારણો તથા પ્રખ્યાત રીસર્ચ બીયારણો તેમજ સારી ગુણવત્તા ધરાવતી તમામ પ્રકારની પાક રક્ષક દવાઓ તથા ઈફકો કંપની ની સારી ગુણવત્તા ધરાવતી તમામ પ્રકારની પાકરક્ષક દવાઓનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ આર.કેવી. વાય. તથા આત્મા પ્રોજેક્ટ હેઠળ સબસીડી પાત્ર તમામ સર્ટીફાઈડ બીયારણો અને પાકરક્ષક દવાઓનું વિતરણ કરવામાં આવે છે. સંઘ દ્વારા ખેડૂતોમાં નફા કારક ખેતી માટે અને ખેતી ખર્ચ ઓછો આવે તે માટે ખેડૂતોની મીટીંગો તથા સ્ટાફ ઓરીએન્ટશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે તેનાથી દવાઓમાં વેપાર વૃધ્ધિ થવા પામેલ છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૨,૪૦,૪૨,૭૭૩-૬૦** નું વેચાણ થયેલ છે.

### ★ રીટેઈલ ખાતર વિભાગ :

આ વિભાગમાં તમામ પ્રકારના રસા. ખાતરો, વોટર સોલ્યુબલ ખાતરો તથા ઈફકોની પાકરક્ષક દવાઓ,સેન્દ્રિય ખાતરો દિવેલી ખોળ તેમજ તમામ પ્રકારના હાઈબ્રીડ બિયારણોનું ખેડૂતોને સમયસર વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૯૦,૪૩,૭૯૬-૮૦** નું વેચાણ થયેલ છે.

### ★ કિસાન મોલ :-

આ વિભાગમાં ખેડૂતમિત્રોની જરૂરીયાતને ધ્યાનમાં રાખી એક જ છત્ર નીચે એટલે કે એક જ જગ્યાએ રસા. ખાતરો, દવાઓ, બિયારણો, તાડપત્રી, તગારાં, દંતાળી, પાવડા, ખાંડી, કુહાડી, ધારીયાં, અનાજ ભરવાના પીપ, ગાર્ડન પાઈપ, એલ્બા, ટી, વાંકીયા, પ્લાસ્ટીક તગારા, ખુરશીઓ, ટબ તથા ડ્રીપ ઈરીગેશન માટેના સોલ્યુબલ ખાતરો વગેરે વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૨,૫૫,૮૬,૭૭૫-૪૫** નું વેચાણ થયેલ છે.

### ★ સાબર સંઘ ચા વિભાગ :

આપણા સંઘની પોતાની ‘સાબરસંઘ’ બ્રાન્ડની ઉત્તમ ક્વૉલીટીની ચા વ્યાજબી ભાવે મળી રહે તે માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આપણી શાખાઓ મારફતે દૂધ મંડળીઓ તેમજ વેપારીઓ મારફતે વેચાણ કરવામાં આવે છે. આપણી ‘સાબરસંઘ’ બ્રાન્ડ ચા હવે આમ જનતામાં પ્રિય બનતી જાય છે. હું સૌ સહકારી આગેવાનોને આપણી સાબરસંઘ ચા વાપરીને ખાત્રી કરી પ્રયાસ-પ્રચાર કરવા વિનંતી કરું છું. આ વિભાગનું અહેવાલના વર્ષમાંરૂા. **૨૪,૧૯,૯૦૮-૬૮** નું વેચાણ થયેલ છે.

### ★ પાઠ્ય-પુસ્તક વિભાગ :

આ વિભાગ મારફતે ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા સાબરકાંઠા જિલ્લાના હોલસેલ વિતરક તરીકેની કામગીરી ઘણા વર્ષોથી કરવામાં આવે છે. જેમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના પાઠ્ય-પુસ્તકો, તથા પ્રયોગપોથીઓ અને સ્વાધ્યાય પોથીઓ વિગેરેનું જિલ્લામાં માન્ય વિક્રેતાઓને તથા શાળાઓને તેમની માગણી મુજબ પુરાં પાડવામાં આવે છે. શાળાઓ બંધ રહેવાના કારણે તથા કેટલાક ધોરણમાં પાઠ્યપુસ્તક બદલાઇ જવાના કારણે અહેવાલના વર્ષ દરમિયાન કામગીરીમાં વિપરીત અસર થયેલ છે. તેમ છતાં આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૨૩,૯૯,૬૯૫-૦૦** નું વેચાણ થયેલ છે.

### ★ હેવલ્સ વિભાગ :

આ વિભાગમાં હેવલ્સ બ્રાન્ડના પંખા ટ્યુબ લાઇટ, રૂમ હિટર, ઈલેક્ટ્રીક, ગીઝર, આર.ઓ.પ્લાન્ટ, વૉટર પંપ, એલ.ઈ.ડી. લેમ્પ, પેનલ લાઈટ, ઈસ્ત્રી,મિક્ષર, ચાર્જેબલ ટોર્ચ, હેન્ડ બ્લેન્ડર, એમ.સી.બી., સ્વીચો, સોકેટ તથા હેવલ્સ એસેસરીઝની તમામ આઈટમોનું વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં **રૂા.૧૬,૪૨,૨૪૦-૯૯** નું વેચાણ થયેલ છે.

### ★ ટેકાના ભાવે ખરીદી રાયડો - સોયાબીન - મગફળી :

આપણા સંઘ દ્વારા આપણા કાર્યક્ષેત્રમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ટેકાના ભાવે નાફેડ દ્વારા ગુજકોમાસોલ વતી **રૂા.૧૬,૯૪,૩૮,૦૪૭.૭૫** ના રાયડાની તથા **રૂા.૨૯,૬૪,૮૬,૯૯૮.૦૦** ના સોયાબીન અને **રૂા.૨,૪૧,૫૬,૩૧,૪૮૫.૭૫** ની મગફળી એન.સી.એફ. દ્વારા ઈન્ડીએગ્રોની સ્ટેટ લેવલ એજન્સી મારફતે ખરીદી કરી ખેડૂતોને મદદરૂપ થવા પ્રયાસ કરેલ છે. અહેવાલના વર્ષ દરમ્યાન સંઘે કુલ **રૂા.૨,૮૮,૧૫,૫૬,૫૩૧.૫૦** ની ટેકાના ભાવે વિવિધ જણસોની ગુજકોમાસોલ તથા ઈન્ડી એગ્રો મારફતે ટેકાના ભાવની યોજનામાં સફળતા પૂર્વક કામગીરી કરેલ છે. ખેડૂત મિત્રોન આગામી વર્ષમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી કેન્દ્ર સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા તથા જરૂરી સુચનો કરવા હું અનુરોધ કરું છું.

## :: શાખાઓની વેપારી પ્રવૃત્તિઓ ::

**★ મહાવીરનગર શાખા :**

હિંમતનગર શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલી આ શાખામાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ / પેટ્રોલ પંપની કામગીરી ખૂબજ પ્રશંસનીય રહેવા પામેલ છે. આ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા.**૩૧,૬૬,૨૧,૭૦૪-૩૧** નું વેચાણ થયેલ છે.

**★ ગાંભોઈ શાખા :**

આ શાખામાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ,પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. તેમજ આ વિસ્તારના ખેડૂતોને રસા.ખાતર, સેન્દ્રીય ખાતર, સાબર સંઘ ચા, તાડપત્રી,પાકરક્ષક દવાઓ, હાઈબ્રીડ બિયારણો, ખેત ઓજાર, ઈલેકટ્રીક પંખા, ટ્યુબલાઈટ, લેમ્પ તેમજ ખેડૂતો માટેના સબસીડીની તમામ યોજનાઓની કામગીરી કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલ વર્ષમાં રૂા.**૭,૨૯,૦૭,૬૪૦-૭૮** નું વેચાણ થયેલ છે.

**★ ધનસુરા શાખા :**

આ શાખામાં પણ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. તેમજ આ વિસ્તારના ખેડૂતોને રસા.ખાતર, સેન્દ્રીય ખાતર, સાબર સંઘ ચા, તાડપત્રી પાકરક્ષક દવાઓ, હાઈબ્રીડ બિયારણો, ખેત ઓજાર, ઈલેકટ્રીક પંખા, ટ્યુબલાઈટ, લેમ્પનું વેચાણ કરવામાં આવે છે. તેમજ સબસીડીની તમામ યોજનાઓની કામગીરી કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૧૨,૫૮,૩૯,૦૫૯-૩૮** નું વેચાણ થયેલ છે.

**★ ભિલોડા શાખા :**

આદિવાસી વિસ્તારમાં કામ કરતી આ શાખામાં પણ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. તેમજ આ વિસ્તારના ખેડૂતોને રાસા.ખાતર, સેન્દ્રીય ખાતર, પાકરક્ષક દવાઓ, હાઈબ્રીડ બિયારણો, ખેત ઓજાર, ઈલેકટ્રીક પંખા, ટ્યુબલાઈટ, લેમ્પ, સાબર સંઘ ચા નું વેચાણ કરવામાં આવે છે તથા ખેડૂતો માટેની સબસીડીની તમામ યોજનાઓની કામગીરી કરવામાં આવે છે.આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા **૧૦,૫૬,૮૪,૦૬૭-૦૬**નું વેચાણ થયેલ છે.

**★ માલપુર શાખા :**

આ શાખામાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૬,૫૮,૦૧,૯૮૮-૯૭** નું વેચાણ થયેલ છે.

**★ મેઘરજ શાખા :**

આદિવાસી વિસ્તારના ખેડૂતોને સમયસર વ્યાજબી ભાવે રસા.ખાતરો, હાઈબ્રીડ બિયારણો અને પાકરક્ષક દવાઓ, સાબર સંઘ ચા મળી રહે તે માટે આ શાખા આદિવાસી વિસ્તારમાં કામગીરી કરી રહેલ છે અને સરકારશ્રીની સબસીડીની તમામ ખેતી વિષયક યોજનાઓનો લાભ આ વિસ્તારના આદિવાસી ખેડૂતોને પહોચાડવામાં આવે છે. આ શાખાનું વેચાણ અહેવાલના વર્ષમાં રૂા. **૧,૩૩,૧૭,૯૩૫-૩૨**નું વેચાણ થયેલ છે.

**★ સલાલ શાખા :**

આ વિસ્તારના ખેડૂતોને સમયસર વ્યાજબી ભાવે રસા.ખાતરો, તેમજ હાઈબ્રીડ બિયારણો અને પાકરક્ષક દવાઓ, સાબર સંઘ ચા મળી રહે તે માટે આ વિસ્તારમાં કામગીરી કરી રહેલ છે. આ શાખા મારફતે ડાંગર પકવતાં ખેડુતોની માંગણીને ધ્યાને લઇ આણંદ યુનિવર્સિટીના માન્ય બિયારણ પુરા પાડવામાં આવે છે. સરકારશ્રીની સબસીડીની તમામ ખેતીવિષયક યોજનાઓનો લાભ આ વિસ્તારના ખેડૂતોને પહોંચાડવામાં આવે છે. આ શાખાનું વેચાણ અહેવાલના વર્ષમાં રૂા.**૧,૦૫,૪૭,૮૭૫-૨૪** નું વેચાણ થયેલ છે.

**★ તલોદ શાખા :**

આ વિસ્તારના ખેડૂતોને સમયસર રસા.ખાતર, પાકરક્ષક દવાઓ, શુદ્ધ હાઈબ્રીડ બિયારણો, સાબર સંઘ ચા મળી રહે તે માટે તેમજ સરકારશ્રીની યોજનાનો સફળતા પૂર્વક અમલીકરણ હેતુ તલોદ ખાતે માર્કેટયાર્ડમાં શાખા કાર્યરત છે.આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૨,૬૪,૩૧,૦૬૪-૨૨** નું વેચાણ થયેલ છે.

**★ વડાલી શાખાઃ**

આ વિસ્તારના ખેડૂતોને સમયસર રસા ખાતર, પાક રક્ષક દવાઓ, શુધ્ધ હાઈબ્રીડ બિયારણો, સાબર સંઘ ચા નું વેચાણ તેમજ સરકારશ્રીની સહાયની યોજનાઓની કામગીરી વડાલી માર્કેટ યાર્ડ સ્થિત આપણી શાખા મારફતે કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૫૪,૨૮,૦૮૫-૧૮** નું વેચાણ થયેલ છે.

★ **ઈડર શાખા :**

ખેડૂતોની અને આપણા ગ્રાહકોની સુવિધા માટે ઇડર ખાતે ઇલેક્ટ્રીક પંખા, ટ્યુબલાઇટ,લેમ્પ વિગેરે ઇલેક્ટ્રીક સામાનનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે તેમજ ઇડર વિસ્તારની મંડળીઓમાં સાબર સંઘ ચા નું વિતરણ કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૪૬,૮૭,૫૬૫-૭૦** નું વેચાણ થયેલ છે.

★ **મોડાસા શાખા :**

ખેડૂતોની અને આપણા ગ્રાહકોની સુવિધા માટે મોડાસા ખાતે રાસાયણિક ખાતર, જંતુનાશક દવા બિયારણ તેમજ ખેડૂતો માટેની સબસીડીની તમામ યોજનાઓની કામગીરી તથા સાબર સંઘ ચા નું વેચાણ કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૮૨,૬૫,૬૨૪-૯૬** નું વેચાણ થયેલ છે.

**ડ્રોન ટેકનોલોજી દ્વારા દવા છંટકાવ અભિગમ :**

આપ સૌને જણાવતાં મને આનંદ થાય છે કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે સરકારશ્રીએ કૃષિમાં સહાયકારી યોજનાઓ દ્વારા ડ્રોન ટેકનોલોજીના ઉપયોગ કરવા આહવાન કરેલ છે. આ સંકલ્પને સાકાર કરવા માટે આપણા સંઘ દ્વારા ખેડૂતોને સરળતાથી ડ્રોન છંટકાવની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર કપાસ, મગફળી, ચણા, વરીયાળી, બટાકા, સોયાબીન જેવા પાકોમાં અહેવાલ વર્ષ દરમ્યાન કુલ આશરે **૧૪૪૨** એકર જેટલા વિસ્તારમાં ડ્રોનથી ખેડૂતોની જરૂરીયાત મુજબની દવાઓનો છંટકાવ કરેલ છે. સંઘ દ્વારા પ્રતિ એકર રૂા.૬૦૦ના ભાવથી દવાનો છંટકાવની યોજના અમલમાં મુકેલ છે. માનવબળ, સીઝનલ પાકની ઘીચતા ઊંચાઇ જેવી મુશ્કેલીઓમાં હવે ડ્રોન ટેકનોલોજી ખેતી ખર્ચની બચત માટે ઉત્તમ રસ્તો છે. આ યોજનાનો લાભ લેવા આપ સૌ ખેડૂત મિત્રોને મારી વિનંતી છે. વધુમાં આપ સૌને જણાવવાનું કે આઇ પોર્ટલમાં નોંધણી કરાવનાર ખેડૂતોને રાજ્ય સરકારશ્રી દ્વારા ટેકનોલોજીથી નેનો યુરિયા તેમજ દવા છંટકાવને પ્રોત્સાહન આપી ખેડૂતોને મદદરૂપ થવા **૯૦% સુધીના સહાયના ધોરણે** મદદરૂપ થવાની યોજના અમલી હોઇ તેનો લાભ લેવા મારી વિનંતી છે.

**સંઘની ભાવિ પ્રવૃત્તિઓ : -**

આપણા સંઘમાં હાલમાં ઇન્ડિયન ઓઇલ કંપનીની ડીલરશીપ દ્વારા, ગાંભોઇ, ભિલોડા, માલપુર, મહાવીરનગર,ધનસુરા, શાખાઓ ઉપર પેટ્રોલ પંપો ચાલે છે. આ ઉપરાંત સહકારીજીન પાસે હિંમતનગર ખાતે આઇ.ઓ.સી.એલ. કંપનીનો નવીન પેટ્રોલ પંપ મંજુર કરવામાં આવેલ છે જે અંગેની કાર્યવાહી ચાલુમાં છે. હાલ નેશનલ હાઇવે ઓથોરીટી દ્વારા પ્રોવિઝનલ એન.ઓ.સી. મળેલ છે જેથી ટુંક સમયમાં આ અંગે કામગીરી શરૂ કરવામાં આવશે જેનો લાભ સભાસદો તથા ગ્રાહક બંધુઓને મળશે.

આજની વાર્ષિક સાધારણ સભામાં સંઘના પેટ્રોલ / ડીઝલની ખરીદી કરનાર અગ્રેસર સન્માનનીય ગ્રાહકોએ સૌથી વધુ ખરીદી કરેલ છે તેવા એક થી ત્રણ નંબરના સન્માનીય ગ્રાહક જેમાં **પ્રથમ** નંબરના **શ્રી રચના ઇન્ફ્રાટ્રક્ચર** - અમદાવાદ, **દ્વિતીય** નંબર **શ્રી વિનયકુમાર બી.પટેલ,** હેલોદર **તૃતિય** નંબરમાં **શ્રી સંજય ટ્રાન્સપોર્ટ,** હિંમતનગર, તેમને હું મારા ખાસ અભિનંદન પાઠવું છું. આપણી સાબર સંઘ ચાના વેપારમાં ખરીદીમાં એગ્રેસર મંડળીઓ કે જેઓએ સૌથી વધુ ખરીદી કરેલ છે તેવા એક થી ત્રણ નંબરના સન્માનીય મંડળીઓ જેમાં **પ્રથમ** નંબરના **ઘી મઉટાંડા દૂધ ઉત્પા. સહકારી મંડળી લિ.** તા.ભિલોડા **દ્વિતીય** નંબર **ઘી વદરાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.**, તા.પ્રાંતિજ **તૃતિય** નંબરમાં **ઘી કુબાધરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.** તા.વડાલી તે તમામ મંડળીઓના ચેરમેનશ્રી તથા સેકેટરીશ્રીઓનું આજ રોજ સન્માન કરવાના છીએ તેઓને મારા ખાસ અભિનંદન પાઠવું છું.

જિલ્લાની સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સહકારી આગેવાનો તથા સહકારી મંડળીઓના ચેરમેનશ્રીઓ/વ્ય.કમિટી સભ્યશ્રીઓ અને સેક્રેટરીશ્રીઓને ખેત ઉપયોગી બિયારણ-દવાઓ અને ખેત ઉપયોગી જરૂરીયાતોની તેમજ **સાબર સંઘ ચા** તથા કરીયાણા જેવી ચીજવસ્તુઓ અને રોજબરોજની જીવન જરૂરી ચીજવસ્તુઓની સંઘ મારફતે ખરીદી કરી સહકારી સાંકળને મજબુત કરવા અનુરોધ કરું છું.

## આભાર દર્શન :

અહેવાલના વર્ષ દરમ્યાન વેપારી પ્રવૃત્તિના વ્યવસ્થિત સંચાલનમાં સંઘના સંચાલક મંડળના સૌ સભ્યશ્રીઓએ કીંમતી સમયનો યોગદાન આપી જે અમૂલ્ય સાથ,સહકાર અને માર્ગદર્શન આપેલ છે. તે બદલ હું તેઓ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અહેવાલના વર્ષમાં ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલિપભાઇ સંઘાણી સાહેબશ્રી તથા ચીફ એક્ઝીક્યુટીવશ્રી તથા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાયઝન અધિકારીશ્રીઓ તેમજ દરેક વિભાગીય અધિકારીશ્રીઓએ જે સાથ સહકાર આપેલ છે તે બદલ તેઓશ્રીઓનો આભાર માનું છું. તદ્ઉપરાંત સંઘના સફળ સંચાલનમાં મે. રાજ્ય રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, મે. જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, હિંમતનગર અને મે. સ્પે. ઓડિટરશ્રી, સહકારી મંડળીઓ, બંને જિલ્લાના કલેક્ટરશ્રી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અને તમામ તાલુકાના મામલતદારશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા વર્ષ દરમિયાન આપેલ માર્ગદર્શન માટે આભારની લાગણી વ્યક્ત કરું છું.

સાબરકાંઠા અને અવરલ્લી જિલ્લાના ખેડૂતોની આસ્થાના પ્રતિક સમી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરના ચેરમેનશ્રી શ્રીમતી હંસાબેન એમ.પટેલ અને સંચાલક મંડળના સભ્યશ્રીઓ તથા ચીફ એક્ઝીક્યુટીવશ્રી તેમજ અધિકારીશ્રીઓ તથા ગુજકોમાસોલના ડિરેક્ટરશ્રી મહેશભાઇ એ. પટેલ તેમજ સાબરડેરીના ચેરમેનશ્રી શામળભાઇ બી. પટેલ અને સંચાલક મંડળના સભ્યશ્રીઓ તથા મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો વર્ષ દરમ્યાન મળેલ સહયોગ બદલ આભાર વ્યક્ત કરું છું.

ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ તથા ઇફકો, કૃભકો, જી.એન.એફ.સી., જી.એસ.એફ.સી. તથા અન્ય ખાતર ઉત્પાદક કંપનીઓના અધિકારીશ્રીઓ અને જિલ્લા પ્રતિનિધિશ્રીઓ તેમજ ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., ગાંધીનગર તથા હિંમતનગર શાખાના અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શ્રીમતી ભારતીબેન એમ.પટેલ તથા બંને જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ અને બાગાયત શાખાના તેમજ ફોરેસ્ટ વિભાગના અધિકારીશ્રીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને નામદાર રાજ્ય સરકારશ્રીના વિવિધ ખાતાના વડા અધિકારીશ્રીઓ તથા સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા,એક્સીસ બેંક તથા એચ.ડી.એફ.સી. બેંકના અધિકારીશ્રીઓ તથા જિલ્લાની અન્ય સહકારી સંસ્થાઓના ચેરમેનશ્રીઓ તથા સેક્રેટરીશ્રીઓ, સહકારી કાર્યકરો, સભાસદ બંધુઓ અને ગ્રાહકો તરફથી જે સાથ સહકાર મળ્યો છે તે બદલ તેઓ સૌ નો હું સંચાલક મંડળ વતી અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

વેપારી પ્રવૃત્તિઓમાં આપણી સંસ્થાએ બજારની તીવ્ર હરિફાઇ હોવા છતાં અવિરત વિકાસ આગેકૂચ ચાલુ રાખી છે. સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓની હકારાત્મક અભિગમ તથા સંસ્થાના કર્મચારીઓની નિષ્ઠાપૂર્વકની કામગીરીને કારણે આપણા માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો અને શુભચિંતકોને સંતોષ આપી શક્યા છીએ તેનો મને આનંદ છે.

અહેવાલના વર્ષ દરમ્યાન સંઘના કામકાજના સફળ સંચાલનમાં સંઘના મેનેજર ડૉ. આર.એસ.પટેલ તેમજ સંઘના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સંસ્થા તેમની પોતાની છે તેવી સમજદારી તેમજ ઉત્સાહથી નિષ્ઠાપૂર્વક પૂરી પાડેલ સેવાઓની નોંધ લઉં છું. આ સંસ્થાએ તેના વિકાસમાં જે હરણફાળ ભરેલ છે અને તે આવતા દિવસોમાં ખૂબ ઉંચા શિખરો સર કરશે તેવી આશા રાખું છું. અંતમાં મારા સંચાલક મંડળના સાથી મિત્રો, સહકારી આગેવાનો તથા જેઓએ મારામાં વિશ્વાસ મુકીને મને સંઘનું સુકાન સોંપ્યુ છે તે સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

સને ૨૦૨૪-૨૫ના પુરા થયેલ વર્ષનું વેપારી પત્રક, નફા નુકશાન પત્રક, સરવૈયું તથા નફાની વહેંચણી સંચાલક મંડળ તરફથી મંજુર કરવા આ સભાને ભલામણ કરી છે તેને આપ સૌ માન્ય રાખશો તેવી આશા સાથે આ અહેવાલ પૂર્ણ કરું છું.

તા.: ૧૮-૦૮-૨૦૨૫ **જય સહકાર.....** સંચાલક મંડળ વતી,

**જેઠાભાઈ પ્રભુદાસ પટેલ**

**ચેરમેનશ્રી**

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૧-૪-૨૦૨૪ થી તા. ૩૧-૩-૨૦૨૫ સુધીનું વેપારી પત્રક (એકત્ર)

| વેચાણ | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|
| શ્રી માલનું વેચાણ | ૧,૦૪,૩૫,૮૫,૫૭૯.૬૮ | ૧,૧૭,૫૨,૫૮,૮૭૯.૦૫ |
| શ્રી માલ શાખા ટ્રાન્સફર વેચાણ | ૧૦,૦૩,૩૨,૭૧૦.૯૫ | ૯,૧૮,૮૧,૪૦૮.૨૩ |
| શ્રી માલ વિભાગ ટ્રાન્સફર વેચાણ | ૪,૪૭,૯૦,૭૦૩.૪૩ | ૩,૯૫,૬૭,૧૮૮.૮૭ |
| શ્રી બંધ માલ સ્ટોક | ૫,૧૫,૨૫,૮૩૨.૦૦ | ૫,૫૮,૭૮,૫૪૩.૦૦ |
| **કુલ** | **૧,૨૪,૦૨,૩૪,૮૨૬.૦૬** | **૧,૩૬,૨૫,૮૬,૦૧૯.૧૫** |

| ખરીદી | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|
| શ્રી ઉઘડતો માલ સ્ટોક | ૫,૫૮,૭૮,૫૪૩.૦૦ | ૫,૯૧,૫૫,૦૮૯.૦૦ |
| શ્રી માલની ખરીદી | ૧,૦૦,૫૧,૫૮,૮૨૧.૧૨ | ૧,૧૪,૦૧,૬૭,૦૮૬.૫૪ |
| શ્રી માલ શાખા ટ્રાન્સફર ખરીદી | ૧૦,૦૨,૫૮,૭૭૦.૪૭ | ૯,૧૮,૩૪,૮૫૬.૦૦ |
| શ્રી માલ વિભાગ ટ્રાન્સફર ખરીદી | ૪,૪૭,૦૬,૦૩૩.૮૬ | ૩,૯૦,૩૫,૯૪૫.૦૦ |
| શ્રી માલ ખરાજાત ખર્ચ | ૭૩,૫૫,૭૦૨.૦૮ | ૫૫,૧૧,૦૧૩.૬૦ |
| શ્રી વેપારી નફો | ૨,૬૮,૭૬,૯૫૫.૫૩ | ૨,૬૮,૮૨,૦૨૯.૦૧ |
| **કુલ** | **૧,૨૪,૦૨,૩૪,૮૨૬.૦૬** | **૧,૩૬,૨૫,૮૬,૦૧૯.૧૫** |

| **રાજેન્દ્રકુમાર એ. પટેલ** | **હસમુખભાઈ ડી. પટેલ** | **જેઠાભાઈ પી. પટેલ** |
|---|---|---|
| માનદ્ મંત્રી | વાઇસ ચેરમેન | ચેરમેન |

| **તુષારકુમાર એ. પટેલ** | **દિલીપકુમાર કે.પટેલ** | **રમેશભાઈ એસ.પટેલ** | **ડો.આર.એસ.પટેલ** |
|---|---|---|---|
| એકાઉન્ટન્ટ | આસી. મેનેજર (વહિવટ) | આસી. મેનેજર (જનતા) | મેનેજર |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૧-૪-૨૦૨૪ થી તા. ૩૧-૩-૨૦૨૫ સુધીનું નફા નુકશાન પત્રક (એકત્ર)

| આવક | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|
| શ્રી વેપારી નફો | ૨,૬૮,૭૬,૯૫૫.૫૩ | ૨,૬૮,૮૨,૦૨૯.૦૧ |
| શ્રી ડીવીડન્ડ આવક | ૧૮,૭૬,૨૭૬.૦૦ | ૧૮,૭૯,૭૫૩.૦૦ |
| શ્રી ગોડાઉન ભાડા આવક | ૪૫,૭૭,૨૯૦.૦૦ | ૪૩,૨૬,૮૧૬.૪૩ |
| શ્રી પરચુરણ/ ટેન્ડર ફી/ ટેલી. આવક | ૧૭,૬૪૯.૦૦ | ૯૦૦.૦૦ |
| શ્રી ટેન્કર ભાડા આવક | ૪૫,૬૦,૧૭૨.૪૫ | ૪૪,૦૯,૩૮૬.૩૦ |
| શ્રી સાબર પલ્સમીલ વપરાશ ચાર્જ આવક | ૪,૩૨,૦૦૦.૦૦ | ૩,૧૨,૦૦૦.૦૦ |
| શ્રી પેટ્રોલ પંપ જમીન ભાડા આવક | ૯,૯૧,૩૭૨.૪૪ | ૧૧,૩૧,૨૫૩.૫૬ |
| શ્રી એગ્રીકલ્ચર કમીશન આવક | ૨,૭૮,૩૯,૨૧૮.૮૭ | ૨૮,૨૭,૩૩૧.૪૬ |
| **કુલ..** | **૬,૭૧,૭૦,૯૩૪.૨૯** | **૪,૧૭,૬૯,૪૬૯.૭૬** |

**રાજેન્દ્રકુમાર એ. પટેલ**
માનદ્ મંત્રી

**હસમુખભાઈ ડી. પટેલ**
વાઈસ ચેરમેન

**જેઠાભાઈ પી. પટેલ**
ચેરમેન

**તુષારકુમાર એ. પટેલ**
એકાઉન્ટન્ટ

**દિલીપકુમાર કે.પટેલ**
આસી. મેનેજર (વહિવટ)

**રમેશભાઈ એસ.પટેલ**
આસી. મેનેજર (જનતા)

**ડૉ.આર.એસ.પટેલ**
મેનેજર

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૧-૪-૨૦૨૪ થી તા. ૩૧-૩-૨૦૨૫ સુધીનું નફા નુકશાન પત્રક (એકત્ર)

| જાવક | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|
| શ્રી સ્ટાફ પગાર ખર્ચ | ૩,૧૭,૫૦,૮૦૯.૩૯ | ૨,૫૭,૬૧,૪૭૧.૦૦ |
| શ્રી ટેલીફોન ખર્ચ | ૯૫,૯૮૩.૮૨ | ૮૮,૨૧૫.૦૦ |
| શ્રી સ્ટેશનરી/લવાજમ/ટપાલ ખર્ચ | ૩,૬૮,૬૨૨.૪૬ | ૪,૧૫,૮૫૬.૮૯ |
| શ્રી લાયસન્સ ફી/ટેન્ડર ફી/ તોલમાપ સ્ટેમ્પીંગ ફી | ૮૩,૫૦૦.૦૦ | ૮૦,૪૮૮.૦૦ |
| શ્રી વકીલ ફી/સુપરવીઝન ફી / ઓડીટ ફી | ૩,૮૭,૫૫૦.૦૦ | ૮,૭૮,૧૩૦.૦૦ |
| શ્રી સ્ટેમ્પ ફી | ૧૯,૮૫૦.૦૦ | ૧૭,૯૯૦.૦૦ |
| શ્રી મકાન વેરો/ વ્યવસાયવેરો | ૩,૬૯,૯૬૩.૭૧ | ૨,૦૮,૫૦૮.૦૦ |
| શ્રી કોમ્પ્યુટર | ૨,૭૨,૪૪૮.૭૬ | ૩,૫૧,૧૯૦.૪૮ |
| શ્રી જનરેટર | ૨,૧૭,૦૯૫.૯૭ | ૨,૩૨,૩૨૩.૭૩ |
| શ્રી પરચુરણ ખર્ચ | ૫,૯૬,૧૬૬.૪૪ | ૫,૮૫,૯૬૫.૩૩ |
| શ્રી સરભરા ખર્ચ | ૪,૦૩,૧૫૨.૦૦ | ૫,૮૪,૮૬૩.૦૦ |
| શ્રી મીટીંગ ભાડા -ભથ્થા ખર્ચ | ૨,૫૬,૩૧૪.૦૦ | ૨,૬૭,૩૯૭.૦૦ |
| શ્રી મુસાફરી ખર્ચ | ૨,૭૮,૩૫૦.૦૦ | ૩,૨૫,૯૧૪.૦૦ |
| શ્રી વિમા પ્રીમીયમ ખર્ચ | ૨,૨૭,૧૭૫.૦૦ | ૨,૩૯,૬૬૨.૦૦ |
| શ્રી બેંક કમીશન/વટાવ દલાલી ખર્ચ | ૧,૯૩,૪૩૬.૧૯ | ૩,૨૮,૯૭૩.૧૩ |
| શ્રી ઇલેક્ટ્રીક ખર્ચ | ૮,૪૫,૫૯૮.૯૪ | ૯,૬૬,૩૨૧.૦૦ |
| શ્રી જાહેર ખબર ખર્ચ / સેમીનાર ખર્ચ | ૧,૪૪,૬૫૮.૦૦ | ૯૫,૮૯૪.૦૦ |
| શ્રી ગોડાઉન તથા અન્ય રીપેરીંગ ખર્ચ | ૪,૮૭,૭૧૭.૮૧ | ૪,૦૭,૬૪૧.૨૧ |
| શ્રી ગોડાઉન ભાડા ખર્ચ | ૧૦,૪૨,૧૬૦.૦૦ | ૧૨,૩૭,૦૯૦.૦૦ |
| શ્રી વ્યાજ જાવક | ૪૬,૭૦,૩૬૪.૮૨ | ૨૨,૪૯,૪૭૨.૯૪ |
| શ્રી વાર્ષિક સાધારણ સભા ખર્ચ | ૧,૩૭,૮૭૦.૦૦ | ૧,૩૬,૪૪૦.૦૦ |
| શ્રી સભાસદ ભેટ સોગાદ ખર્ચ | ૫૫,૩૩૯.૮૦ | ૫૫,૩૩૯.૮૦ |
| શ્રી પ્રવાસી વાહન ખર્ચ | ૪,૭૩,૨૯૪.૪૨ | ૭,૪૨,૫૨૩.૮૭ |
| શ્રી ટેન્કર ખર્ચ | ૩૨,૨૧,૬૭૩.૪૪ | ૩૧,૮૪,૦૧૯.૯૪ |
| શ્રી શકમંદ લેણા ફંડ જોગવાઇ ખર્ચ | ૩૦,૦૦,૦૦૦.૦૦ | ૦.૦૦ |
| શ્રી ઘસારા ખર્ચ | ૮૯,૦૨,૭૩૩.૩૨ | ૬,૦૦,૮૩૩.૯૪ |
| શ્રી ચુંટણી ખર્ચ | ૦.૦૦ | ૭૦,૯૧૫.૫૦ |
| શ્રી બોનસ પગાર જોગવાઇ ખર્ચ | ૩૫,૪૪,૩૪૬.૦૦ | ૦.૦૦ |
| શ્રી જી એસ ટી / ઇન્કમટેક્ષ જોગવાઇ ખર્ચ | ૧૫,૦૦,૦૦૦.૦૦ | ૦.૦૦ |
| શ્રી ચોખ્ખો નફો | ૩૬,૨૪,૭૬૦.૦૦ | ૧૬,૫૬,૦૦૦.૦૦ |
| **કુલ..** | **૬,૭૧,૭૦,૯૩૪.૨૯** | **૪,૧૭,૬૯,૪૬૯.૭૬** |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજનું સરવૈયુ (એકત્ર)

| મૂડી તથા દેવું | પેટા રકમ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૫ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| **શ્રી અધિકૃત શેર ભંડોળ :-** | | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| શેર ભંડોળ 'અ' વર્ગ | ૯૯,૯૦,૦૦૦-૦૦ | | |
| શેર ભંડોળ 'બ' વર્ગ | ૧૦,૦૦૦-૦૦ | | |
| **શ્રી ભરપાઈ થયેલ શેર ભંડોળ** | | ૮૫,૨૦,૯૫૦.૦૦ | ૮૫,૨૪,૦૩૦.૦૦ |
| વસુલ આવેલ શેર ભંડોળ | | | |
| (પરિશિષ્ટ-૧ મુજબ) | | | |
| **શ્રી રીઝર્વ તથા અન્ય ફંડ:-** | | ૧૫,૬૯,૬૫,૦૨૧.૨૯ | ૧૪,૫૦,૩૨,૪૪૨.૮૪ |
| અનામત ભંડોળ તથા અન્ય ફંડો | | | |
| (પરિશિષ્ટ-૨ મુજબ) | | | |
| **શ્રી થાપણો:-** | | ૧,૮૫,૮૧,૦૪૩.૦૦ | ૧,૮૮,૨૫,૦૮૫.૦૦ |
| સભાસદ બાંધી મુદત થાપણો | ૧,૮૦,૭૪,૯૪૩.૦૦ | | |
| ચાલુ બચત થાપણો | ૩,૭૧,૬૦૦.૦૦ | | |
| સાબર બચત સર્ટી થાપણ | ૧,૩૪,૫૦૦.૦૦ | | |
| **શ્રી દેવુ :-** | | ૫૩,૧૩,૯૮૯.૨૫ | ૧૦,૬૯,૭૧૩.૩૪ |
| પરચુરણ દેવું A/c વેપારી | ૪૮,૭૩,૨૨૩.૭૬ | | |
| પરચુરણ દેવુ A/c મંડળી | ૪,૪૦,૭૬૫.૪૯ | | |
| **શ્રી બીજી જવાબદારીઓ :-** | | ૧,૮૦,૩૭,૮૮૪.૫૪ | ૧,૧૫,૬૫,૮૬૭.૫૨ |
| અનામત રકમો | ૧,૪૩,૧૬,૫૬૭.૪૨ | | |
| અન્ય જમા રકમો | ૩૭,૨૧,૩૧૭.૧૨ | | |
| (પરિશિષ્ટ -૩ મુજબ) | | | |
| **ધી સા.કાં. જિલ્લા મ. સહ બેંક લી.** | | ૯૮,૩૯,૫૨૦.૯૦ | ૧,૧૬,૯૨,૭૩૪.૫૩ |
| ખેતી સાનગીરો રોકડ શાખ | ૫૧,૭૪,૪૮૯.૯૦ | | |
| બીનખેતીસાનગીરો રોકડ શાખ | ૪૬,૬૫,૦૩૧.૦૦ | | |
| **શ્રી હેડ ઓફિસ ખાતે:-** | | ૬,૨૭,૮૯,૫૦૪.૫૧ | ૬,૪૩,૩૮,૭૦૮.૨૪ |
| **શ્રી વેટ તથા જી.એસ.ટી. :-** | | | |
| **શ્રી ચોખ્ખો નફો :-** | | ૩૬,૨૪,૭૬૦.૦૦ | ૧૬,૫૬,૦૦૦.૦૦ |
| **કુલ...** | | **૨૮,૩૬,૭૨,૬૭૩.૪૯** | **૨૬,૨૭,૦૪,૫૮૧.૪૭** |

શ્રી મણીભાઇ ઇશ્વરભાઇ પટેલ .............વ્ય.ક.સભ્ય
શ્રી ભીખાભાઇ કાંહ્યાભાઇ પટેલ ............ વ્ય.ક.સભ્ય
શ્રી જગદીશભાઇ શામજીભાઇ પટેલ .........વ્ય.ક.સભ્ય
શ્રી જશુભાઇ જગુભાઇ પટેલ................વ્ય.ક.સભ્ય
શ્રી દિનેશભાઇ વરવાભાઇ પટેલ............વ્ય.ક.સભ્ય
શ્રી બાબુભાઇ ગોપાળભાઇ પટેલ................વ્ય.ક.સભ્ય
શ્રી બાબુભાઇ મથુરભાઇ પટેલ...........વ્ય.ક.સભ્ય

શ્રી ગોપાળભાઇ મોહનભાઇ પટેલ.............. વ્ય.ક.સભ્ય
શ્રી બાબુભાઇ અમીચંદભાઇ પટેલ............ વ્ય.ક.સભ્ય
શ્રી સંજયકુમાર બાબુલાલ પટેલ.................. વ્ય.ક.સભ્ય
શ્રી હરીભાઇ દલજીભાઇ પટેલ .....................વ્ય.ક.સભ્ય
શ્રી ભરતભાઇ જયંતિભાઇ પટેલ....................વ્ય.ક.સભ્ય
શ્રી લલીતકુમાર મંગળદાસ પટેલ...................વ્ય.ક.સભ્ય.
શ્રી હસમુખભાઇ ચીમનભાઇ પટેલ ................વ્ય.ક.સભ્ય
શ્રી અરવિંદભાઇ વિશ્રામભાઇ પટેલ................વ્ય.ક.સભ્ય

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૩૧-૦૩-૨૦૨૫ ના રોજનું સરવૈયુ (એકત્ર)

| મિલ્કત તથા લેણું | પેટા રકમ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૫ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૪ રૂા. પૈસા |
|---|---|---|---|
| **શ્રી જમીન** | | ૩૬,૦૯,૬૬૭.૫૬ | ૩૬,૦૯,૬૬૭.૫૬ |
| **શ્રી મકાન તથા ગોડાઉન** | | ૩,૯૦,૧૧,૦૮૨.૦૩ | ૩,૬૫,૩૧,૧૦૨.૦૯ |
| મકાન, ગોડાઉન, પેટ્રોલ પંપ, | | | |
| બાંધકામોમાં રોકાણ તથા પ્રોટેકશન વોલ | | | |
| **શ્રી ડેડસ્ટોક :** | | ૬૫,૫૬,૯૯૪.૭૬ | ૭૦,૭૭,૬૬૮.૬૬ |
| ડેડસ્ટોક/ફર્નિચર/લાયબ્રેરી | | | |
| ઇલેક્ટ્રીક/ટેલીફોન ફીટીંગ | | | |
| **શ્રી વાહનો :** | | ૮૩,૪૬,૮૯૭.૧૦ | ૮૩,૪૬,૮૯૭.૧૦ |
| વાહનોમાં રોકાણ | | | |
| **શ્રી પ્લાન્ટ અને મશીનરી** | | ૫૩,૯૮,૨૩૦.૨૨ | ૫૫,૭૯,૨૬૧.૨૭ |
| દાળમીલ પ્લાન્ટ-મશીનરી/કોમ્પ્યુટર/ | | | |
| જનરેટર સેટ/કેરોસીન પંપ/ બોરવેલ | | | |
| **શ્રી શેર સિક્યોરીટીમાં રોકાણ** | | ૯૮,૦૫,૫૦૦.૦૦ | ૯૮,૦૫,૫૦૦.૦૦ |
| શેરો તથા ડીબેન્ચર (પરિશિષ્ટ-૪ મુજબ) | | | |
| **શ્રી વેપાર માટે અન્ય ડીપોઝીટ** | | ૨૮,૮૮,૨૪૦.૦૦ | ૨૬,૫૮,૨૫૯.૦૦ |
| ધંધાકીય ડીપોઝીટ | | | |
| **શ્રી લેણું** | | ૮,૩૦,૭૭,૨૩૬.૬૫ | ૫,૪૮,૭૧,૭૯૭.૫૪ |
| માલના લેણા બાકી A/c વ્યક્તિ | ૪,૭૬,૯૩,૭૨૪.૪૭ | | |
| માલના લેણા બાકી A/c સરકારી | ૩,૩૭,૦૪,૫૭૯.૭૧ | | |
| ટીસીએસ લેવાના બાકી | ૧૬,૭૮,૯૩૨.૪૭ | | |
| **શ્રી હાથ ઉપર તથા બેંકમાં સિલક** | | ૧,૦૬,૬૩,૧૮૮.૬૬ | ૧,૪૦,૦૬,૫૭૭.૦૧ |
| હાથ પર રોકડ સિલક | ૪૭,૮૦,૨૯૭.૪૩ | | |
| બેંકોમાં સિલક | ૫૮,૮૨,૮૯૧.૨૩ | | |
| | | --- | --- |
| **શ્રી શાખાઓ ખાતે** | | ૬,૨૭,૮૯,૫૦૪.૫૧ | ૬,૪૩,૩૮,૭૦૮.૨૪ |
| **શ્રી બંધ સ્ટોક** | | ૫,૧૫,૨૫,૮૩૨.૦૦ | ૫,૫૮,૭૮,૫૪૩.૦૦ |
| **કુલ** | | **૨૮,૩૬,૭૨,૬૭૩.૪૯** | **૨૬,૨૭,૦૪,૫૮૧.૪૭** |

**રાજેન્દ્રકુમાર એ. પટેલ** — માનદ્ મંત્રી
**હસમુખભાઈ ડી. પટેલ** — વાઇસ ચેરમેન
**જેઠાભાઈ પી. પટેલ** — ચેરમેન

**તુષારકુમાર એ. પટેલ** — એકાઉન્ટન્ટ
**દિલીપકુમાર કે.પટેલ** — આસી. મેનેજર (વહિવટ)
**રમેશભાઈ એસ.પટેલ** — આસી. મેનેજર (જનતા)
**ડો.આર.એસ.પટેલ** — મેનેજર

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૩૧-૩-૨૦૨૫ના રોજનાં પરિશિષ્ટ નં.૧ શેર ભંડોળની વિગત

| વિગત | તા. ૩૧-૩-૨૦૨૫ ની રકમ | તા. ૩૧-૩-૨૦૨૪ની રકમ |
|---|---|---|
| સહકારી મંડળીઓએ ખરીદેલ "અ" વર્ગના શેર | ૩૨,૨૦,૭૦૦.૦૦ | ૩૨,૨૦,૭૦૦.૦૦ |
| વ્યક્તિઓએ ખરીદેલ "અ" વર્ગના શેર | ૫૩,૦૦,૨૫૦.૦૦ | ૫૩,૦૩,૩૩૦.૦૦ |
| કુલ... | ૮૫,૨૦,૯૫૦.૦૦ | ૮૫,૨૪,૦૩૦.૦૦ |

## પરિશિષ્ટ નં.૨ બીજા ભંડોળની વિગત

| વિગત | તા. ૩૧-૩-૨૫ ની રકમ | તા. ૩૧-૩-૨૪ની રકમ |
|---|---|---|
| રિઝર્વ ફંડ | ૩,૫૯,૦૧,૫૬૧.૯૦ | ૩,૫૧,૦૧,૦૨૫.૯૦ |
| બિલ્ડીંગ ફંડ | ૧,૦૧,૯૪,૧૦૫.૯૫ | ૭૧,૯૪,૧૦૫.૫૦ |
| ભાવ વધઘટ ફંડ | ૧૦૭,૧૩,૨૬૮.૦૦ | ૧,૦૫,૪૭,૬૬૮.૦૦ |
| ડીવીડંડ ઇક્વીલાઇઝેશન ફંડ | ૩૪,૬૨,૪૯૨.૪૫ | ૩૪,૪૬,૧૯૩.૨૫ |
| સભાસદ ગ્રાહક બોનસ ફંડ | ૯૪,૪૧,૭૮૧.૧૦ | ૯૩,૯૨,૮૮૩.૫૦ |
| મકાન અને ગોડાઉન ઘસારા ફંડ | ૧,૮૭,૫૩,૨૬૬.૫૭ | ૧,૫૫,૫૨,૬૭૨.૮૫ |
| સહકાર પ્રચાર ફંડ | ૩૩,૮૦,૮૧૩.૪૫ | ૩૩,૬૪,૫૧૪.૨૫ |
| ડેડસ્ટોક ઘસારા ફંડ | ૫૬,૯૦,૨૦૮.૨૦ | ૬૨,૪૨,૮૩૯.૯૨ |
| ઇલે. અને ટેલી. ફીટીંગ ઘસારા ફંડ | ૨,૪૯,૩૪૯.૨૦ | ૨,૧૯,૨૪૦.૨૦ |
| ઇન્વેટરી ડેડસ્ટોક ઘસારા ફંડ | ૧૯,૭૯૭.૦૦ | ૧૯,૭૯૭.૦૦ |
| સભાસદ બાળ શિષ્યવૃત્તિ ફંડ | ૯૫,૭૩,૫૪૫.૧૦ | ૯૫,૨૪,૬૪૭.૫૦ |
| ધર્માદા ફંડ | ૨૯,૭૯,૫૯૮.૪૫ | ૨૯,૬૩,૨૯૯.૨૫ |
| શકમંદ લેણા ફંડ | ૨,૩૪,૭૩,૯૭૩.૨૦ | ૨,૦૪,૭૩,૯૭૩.૨૦ |
| ઇન્વેસ્ટમેન્ટ રિઝર્વ ફંડ | ૩૭,૨૫,૩૦૬.૦૦ | ૩૭,૨૫,૩૦૬.૦૦ |
| ઉન્નતિ વિકાસ ફંડ | ૧૨,૭૪,૨૦૫.૦૦ | ૧૨,૪૭,૩૨૦.૦૦ |
| ઉત્કર્ષ અને નિભાવ ફંડ | ૩૩,૫૧,૩૬૩.૪૫ | ૩૩,૩૫,૦૬૪.૨૫ |
| વાહન રોકાણ ઘસારા ફંડ | ૬૯,૨૩,૪૮૬.૧૦ | ૫૬,૭૧,૪૫૧.૧૦ |
| સાબર પલ્સ મીલ પ્લાન્ટમશીનરી ઘસારા ફંડ | ૧૨,૮૦,૫૭૦.૦૦ | ૧૨,૮૦,૫૭૦.૦૦ |
| ફર્નિચર ફીક્ચર્સ ઘસારા ફંડ | ૨,૩૮,૯૩૫.૦૯ | ૨,૧૫,૪૨૭.૦૯ |
| કોમ્પ્યુટર/ઝેરોક્ષ ઘસારા ફંડ/સી.સી.ટી.વી.કેમેરા ઘસારા ફંડ | ૫૪,૫૪,૧૦૯.૦૮ | ૪૯,૩૭,૭૧૩.૦૮ |
| બોરવેલ ઘસારા ફંડ | ૧,૭૩,૯૯૦.૦૦ | ૧,૭૩,૯૯૦.૦૦ |
| લાયબ્રેરી ઘસારા ફંડ | ૪,૯૩૨.૦૦ | ૪,૯૩૨.૦૦ |
| કેરોસીન પંપ ઘસારા ફંડ | ૧૮,૪૩૮.૦૦ | ૧,૬૪,૫૯૮.૦૦ |
| અમુલ પાર્લર બાંધકામ ઘસારા ફંડ | ૨,૯૪,૪૧૨.૦૦ | ૧,૪૦,૮૪૧.૦૦ |
| ઓનેરેરીયમ ફંડ | ૧૩,૦૦૦.૦૦ | ૧૨,૦૦૦.૦૦ |
| પ્રોટેક્શન વોલ બાંધકામ ઘસારા ફંડ | ૨,૪૧,૧૧૩.૦૦ | ૮૦,૩૭૦.૦૦ |
| રોડ કન્સ્ટ્રકશન ઘસારા ફંડ | ૧,૩૭,૪૦૧.૦૦ | ૦.૦૦ |
| **કુલ...** | **૧૫,૬૯,૬૫,૦૨૧.૨૯** | **૧૪,૫૦,૩૨,૪૪૨.૮૪** |

## પરિશિષ્ટ નં.૩ બીજી જવાબદારીઓ

| વિગત | તા. ૩૧-૩-૨૫ ની રકમ | તા. ૩૧-૩-૨૪ ની રકમ |
|---|---|---|
| શ્રી સ્ટાફ વ્યવસાય વેરો | ૮૧,૧૦૦.૦૦ | ૬૭,૩૦૦.૦૦ |
| શ્રી વ્યાજ દેવા એકા. સભાસદ થાપણ | ૧૪,૪૫,૦૦૦.૦૦ | ૬,૨૦,૩૭૬.૦૦ |
| શ્રી વ્યાજ દેવા લેણા એકાઉન્ટ સાબર બચત થાપણ | ૨,૫૦,૦૪૭.૦૦ | ૨,૫૦,૦૪૭.૦૦ |
| શ્રી વ્યાજ દેવા એકા. ચાલુ બચત થાપણ | ૨૭,૫૬૮.૫૨ | ૨૧,૭૭૪.૫૨ |
| શ્રી ટી.ડી.એસ. | ૭૯,૯૭૭.૦૦ | ૭૯,૩૨૪.૦૦ |
| શ્રી ડીવીડન્ડ ચુકવવાના બાકી ખાતે | ૧૮,૨૭,૧૮૪.૬૦ | ૧૮,૨૯,૬૧૦.૬૦ |
| શ્રી શેર એપ્લીકેશન | ૧૦,૪૪૦.૦૦ | ૪૫,૪૦૦.૦૦ |
| **કુલ...** | **૩૭,૨૧,૩૧૭.૧૨** | **૨૯,૧૩,૮૩૨.૧૨** |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## પરિશિષ્ટ નં.૪ શેર સિક્યોરીટીમાં રોકાણની વિગત

| વિગત | તા. ૩૧-૩-૨૫ ની રકમ | તા. ૩૧-૩-૨૪ની રકમ |
|---|---|---|
| ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહ બેંક લી., હિંમતનગર | ૪,૨૫,૦૦૦-૦૦ | ૪,૨૫,૦૦૦-૦૦ |
| ધી સા.કાં. જી. રૂ ઉ. ની કો.ઓ. સ્પી. મીલ લી., હિંમતનગર | ૪૦,૦૦૦-૦૦ | ૪૦,૦૦૦-૦૦ |
| ઇન્ડિયન ફાર્મસ ફર્ટીલાઇઝર કો-ઓ. લી., ન્યુ દિલ્હી | ૩૩,૯૧,૦૦૦-૦૦ | ૩૩,૯૧,૦૦૦-૦૦ |
| સાબરકાંઠા જીલ્લા ગ્રામોદ્યોગ સહ. મંડળી લી., | ૧,૦૦૦-૦૦ | ૧,૦૦૦-૦૦ |
| કૃષક ભારતી કો-ઓપ.લી., ન્યુ દિલ્હી | ૩૦,૬૫,૦૦૦-૦૦ | ૩૦,૬૫,૦૦૦-૦૦ |
| ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઇઝર્સ કંપની લી., ભરુચ | ૩,૩૪૦-૦૦ | ૩,૩૪૦-૦૦ |
| નેશનલ સ્ટેટ કો.ઓ. કંન્ઝ્યુમર્સ ફેડરેશન લી., ન્યુ દિલ્હી | ૩૦,૦૦૦-૦૦ | ૩૦,૦૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ કો.ઓપ. માર્કેટીંગ ફેડરેશન લી., અમદાવાદ | ૨૩,૮૪,૧૦૦-૦૦ | ૨૩,૮૪,૧૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ કો ઓ કંન્ઝ્યુમર્સ ફેડરેશન લી., અમદાવાદ | ૯૧,૫૦૦-૦૦ | ૯૧,૫૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર્સ કંપની લી., બાજવા | ૪,૧૭૦-૦૦ | ૪,૧૭૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ ગ્રેઇન ગ્રોઅર્સ ફેડરેશન લી., અમદાવાદ | ૧૦,૦૦૦-૦૦ | ૧૦,૦૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ કો-ઓપ. હાઉસીંગ ફાઇ સોસા. લી. અમદાવાદ | ૨,૦૦૦-૦૦ | ૨,૦૦૦-૦૦ |
| સાબરકાંઠા જિલ્લા સહકારી કોટન યુનિયન લી | ૩૩,૦૦૦-૦૦ | ૩૩,૦૦૦-૦૦ |
| શ્રી સાબરકાંઠા જિલ્લા ઔદ્યોગિક સહ. મંડળી લી., હિંમતનગર | ૧,૦૦૦-૦૦ | ૧,૦૦૦-૦૦ |
| નેશનલ એગ્રી કો-ઓ માર્કેટીંગ ફેડરેશન લી., ન્યુ દિલ્હી | ૧,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| ઇન્ડિયન એક્સપ્લોઝીવ લી., કલકત્તા | ૧,૭૫૦-૦૦ | ૧,૭૫૦-૦૦ |
| હિંમતનગર કો-ઓપ. એગ્રી પ્રો.પ્રો.સે.સો.લી., હિંમતનગર | ૫,૦૦૦-૦૦ | ૫,૦૦૦-૦૦ |
| જી એસએફસી ડીબેન્ચર રોકાણ, વડોદરા | ૨,૬૪૦-૦૦ | ૨,૬૪૦-૦૦ |
| ધી સા.કાં. જિલ્લા સહ. દિવેલા તેલીબીયાં ઉ.સંઘ લી., મોહનપુરા | ૫,૦૦૦-૦૦ | ૫,૦૦૦-૦૦ |
| ભારતીય બીજ સહકારી સમિતિ લી., (બીબીસીએલ) ન્યુ દિલ્હી | ૧૦,૦૦૦-૦૦ | ૧૦,૦૦૦-૦૦ |
| નેશનલ કો.ઓ.એક્ષપોર્ટ લી., (એનસીઇએલ) ન્યુ દિલ્હી | ૧,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| નેશનલ કો.ઓ.ઓર્ગોનીક લી., (એનસીઓએલ) આણંદ | ૧,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| **કુલ...** | **૯૮,૦૫,૫૦૦-૦૦** | **૯૮,૦૫,૫૦૦-૦૦** |

સ્થળ : હિંમતનગર

તારીખ : ૨૬-૦૬-૨૦૨૫

| | | |
|---|---|---|
| **રાજેન્દ્રકુમાર એ. પટેલ** | **હસમુખભાઈ ડી. પટેલ** | **જેઠાભાઈ પી. પટેલ** |
| માનદ્ મંત્રી | વાઇસ ચેરમેન | ચેરમેન |

| | | | |
|---|---|---|---|
| **તુષારકુમાર એ. પટેલ** | **દિલીપકુમાર કે.પટેલ** | **રમેશભાઈ એસ.પટેલ** | **ડૉ.આર.એસ.પટેલ** |
| એકાઉન્ટન્ટ | આસી. મેનેજર (વહિવટ) | આસી. મેનેજર (જનતા) | મેનેજર |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

**તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજના રૂા. ૩૬,૨૪,૭૬૦-૦૦ ના ચોખ્ખા નફાની વહેંચણી**

**પેટા નિયમ - ૪૨ મુજબ નીચે મુજબ કરવામાં આવે છે.**

| વિગત | રકમ રૂા. પૈસા | કુલ રકમ રૂા. પૈસા |
|---|---|---|
| ૪૨(૧) મુજબ રીઝર્વ ફંડ ૨૫% | ૯,૦૬,૧૯૦.૦૦ | |
| ૪૨(૧) (અ) મુજબ ભાવ વધઘટ ફંડ ૧૦% | ૩,૬૨,૪૭૬.૦૦ | |
| ૪૨(૧) (બ) મુજબ ઓનેરેરીયમ | ૧,૦૦૦.૦૦ | |
| ૪૨(૨) મુજબ વિકાસ ફંડ | ૫૮,૮૭૭.૩૨ | |
| ૪૨(૨) (અ) મુજબ ડીવીડન્ડ ૧૨% | ૧૦,૨૨,૫૧૪.૦૦ | |
| ૪૨(૪) (સી) મુજબ શિક્ષણ ફંડ ૨ % | ૭૨,૪૯૫.૨૦ | |
| **સરવાળો** | **૨૪,૨૩,૫૫૨.૫૨** | **૨૪,૨૩,૫૫૨.૫૨** |
| ઉપરોક્ત નફામાંથી રૂા.૨૪,૨૩,૫૫૨= ૫૨ પૈસા બાદ જતા રૂા.૧૨,૦૧,૨૦૭=૪૮ બાકી રહેતા નફાની વહેંચણી નીચે મુજબ કરવામાં આવે છે. | | |
| ૪૨ (૬) મુજબ સભાસદ ગ્રાહક બોનસ ફંડ ૩૦% | ૩,૬૦,૩૬૨.૨૪ | |
| ૪૨ (૭) મુજબ સભાસદ બાળ શિષ્યવૃત્તિ ફંડ ૩૦ % | ૩,૬૦,૩૬૨.૨૪ | |
| ૪૨ (૮) મુજબ ડીવીડન્ડ ઇક્વીલાઇઝેશન ફંડ ૧૦ % | ૧,૨૦,૧૨૦.૭૫ | |
| ૪૨ (૯) ધર્માદા ફંડ ૧૦ % | ૧,૨૦,૧૨૦.૭૫ | |
| ૪૨ (૯) (અ) મુજબ ઉત્કર્ષ અને નિભાવ ફંડ ૧૦ % | ૧,૨૦,૧૨૦.૭૫ | |
| ૪૨ (૧૦) મુજબ સહકાર પ્રચાર ફંડ ૧૦ % | ૧,૨૦,૧૨૦.૭૫ | |
| **સરવાળો** | ૧૨,૦૧,૨૦૭.૪૮ | ૧૨,૦૧,૨૦૭.૪૮ |
| **કુલ રૂા.:** | | **૩૬,૨૪,૭૬૦.૦૦** |

## અંદાજપત્ર : વર્ષ : ૨૦૨૫-૨૬ નું

### ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

### વેપાર પત્રક

| વેચાણ | રકમ | ખરીદી | રકમ |
|---|---|---|---|
| વેચાણ | ૧,૩૯,૦૦,૦૦,૦૦૦.૦૦ | ઉઘડતો માલ સ્ટોક | ૫,૫૮,૭૮,૫૪૩.૦૦ |
| બંધ માલ સ્ટોક | ૫,૧૦,૫૦,૦૦૦.૦૦ | ખરીદી + માલ ખરાજાત | ૧,૩૫,૮૧,૦૦,૦૦૦.૦૦ |
| | | વેપારી નફો | ૨,૭૦,૭૧,૪૫૭.૦૦ |
| **સરવાળો** | **૧,૪૪,૧૦,૫૦,૦૦૦.૦૦** | **સરવાળો** | **૧,૪૪,૧૦,૫૦,૦૦૦.૦૦** |

### નફા નુકશાન પત્રક

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| વેપારી નફો | ૨,૭૦,૭૧,૪૫૭.૦૦ | સ્ટાફ પગાર ખર્ચ | ૨,૬૯,૦૦,૦૦૦.૦૦ |
| ડીવીડન્ડ આવક | ૧૮,૭૬,૦૦૦.૦૦ | ઘસારા ખર્ચ | ૧૫,૧૨,૪૫૭.૦૦ |
| ગોડાઉન ભાડા/ટેન્કર ભાડા/ એગ્રીકલ્ચર કમિશન તેમજ અન્ય આવકો | ૧,૬૫,૦૦,૦૦૦.૦૦ | વહીવટી તથા અન્ય ખર્ચા | ૧,૪૦,૦૦,૦૦૦.૦૦ |
| | | ચોખ્ખો નફો | ૩૦,૩૫,૦૦૦.૦૦ |
| **સરવાળો** | **૪,૫૪,૪૭,૪૫૭.૦૦** | **સરવાળો** | **૪,૫૪,૪૭,૪૫૭.૦૦** |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## સંઘના પેટાનિયમોમાં સુધારાઓ દર્શાવતું પત્રક

| અ. નં | પેટાનિયમ નંબર | ચાલુ પેટા નિયમ | સુધારેલો પેટા નિયમ | સુધારાના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૧ | સંસ્થાનું નામ :- "ધી સાબરકાંઠા ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ પરચેઈઝ એન્ડ સેઈલ યુનિયન લિ." છે. અને તેનું નોંધાયેલું સરનામું, હિંમતનગર, તા. હિંમતનગર જિલ્લો સાબરકાંઠા છે. સરનામામાં ફેરફાર થશે તો તેની ખબર મે. રજીસ્ટ્રાર સાહેબને ૩૦ દિવસની અંદર આપવામાં આવશે અને તે સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. | સંસ્થાનું નામ :- "ધી સાબરકાંઠા ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ પરચેઈઝ એન્ડ સેઈલ યુનિયન લિ." છે. અને તેનું નોંધાયેલું સરનામું, હિંમતનગર, તા. હિંમતનગર જિલ્લો સાબરકાંઠા છે. જેનું કાર્યક્ષેત્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનું રહેશે. સરનામામાં ફેરફાર થશે તો તેની ખબર મે. રજીસ્ટ્રાર સાહેબને ૩૦ દિવસની અંદર આપવામાં આવશે અને તે સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. | સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થવાના કારણે સુધારો કરેલ છે. |
| ૨ | ૪ | શેર વેચાણથી ઉભા કરેલા ભંડોળની રકમ રૂા.૧,૦૦,૦૦,૦૦૦/- થી વધારે થશે નહી. આ પૈકી રૂા.૯૯,૯૦,૦૦૦/- "અ" વર્ગના શેર અને રૂા.૧૦,૦૦૦/- "બ" વર્ગના થશે. દરેક શેર રૂા. ૧૦/- નો રાખવામાં આવ્યો છે. | શેર વેચાણથી ઉભા કરેલા ભંડોળની રકમ રૂા.૨,૦૦,૦૦,૦૦૦/- થી વધારે થશે નહી. આ પૈકી રૂા.૧,૮૦,૦૦,૦૦૦/- "અ" વર્ગના શેર અને રૂા.૨૦,૦૦૦/- "બ" વર્ગના થશે. દરેક શેર રૂા. ૧૦/- નો રાખવામાં આવ્યો છે. | અધિકૃત શેર ભંડોળ પેટાનિયમ ૭ (૩) ના નવીન સુધારા મુજબ ભરપાઈ થઈ જાય તેમ હોવાથી શેર ભંડોળમાં વધારો કરવા માટે. |
| ૩ | ૭(૧) | સાબરકાંઠા જિલ્લાની કોઈપણ નોંધાયેલી કૃષિ ધિરાણ અને માર્કેટીંગ પ્રકારની સહકારી મંડળી તેમજ વ્યક્તિ જે સાબરકાંઠા જિલ્લાની વતની હશે તે સંઘના સભાસદ થઈ શકશે. | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની કોઈપણ નોંધાયેલી કૃષિ ધિરાણ અને માર્કેટીંગ પ્રકારની સહકારી મંડળી તેમજ વ્યક્તિ જે સાબરકાંઠા અગર અરવલ્લી જિલ્લાની વતની હશે તે સંઘના સભાસદ થઈ શકશે. | સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થવાના કારણે સુધારો કરેલ છે. |
| ૪ | ૭(૩) | "અ" વર્ગના નવા સભાસદો થવા માટે કે, ચાલુ સભાસદોએ ખરીદવાના ઓછામાં ઓછા શેરની કુલ સંખ્યા વ્યક્તિ માટે ૫૦ અને સહકારી મંડળી માટે ૫૦૦ની રહેશે. તેથી ઓછા શેર ધારણ કરનાર સભાસદ ચૂંટણીમાં ભાગ લેવા કે મત આપવાને પાત્ર ગણાશે નહી, તેમજ નીચે ૭ (૪) માં જણાવ્યા પ્રમાણેની ફી આપી હશે તે જ આ યુનિયનનો સભાસદ થઈ શકશે. પરંતુ યુનિયન નોંધાવવાની અસલ અરજી ઉપર સહી કરનાર શખ્સોને ઉપર જણાવેલ પેટા કલમ ૭(૨) લાગુ પડશે નહીં.<br>નોંધ : પેટા નિયમ ૭ (૩) માં જણાવેલ સૂચિત સુધારા પ્રમાણે શેર ભંડોળ વધારવા માટે સભ્યોને સંઘ દ્વારા પુરતી તક આપવાની રહેશે. | "અ" વર્ગના નવા સભાસદો થવા માટે કે, ચાલુ સભાસદોએ ખરીદવાના ઓછામાં ઓછા શેરની કુલ સંખ્યા વ્યક્તિ માટે ૧૦૦ અને સહકારી મંડળી માટે ૧૦૦૦ ની રહેશે. તેથી ઓછા શેર ધારણ કરનાર સભાસદ ચૂંટણીમાં ભાગ લેવા કે મત આપવાને પાત્ર ગણાશે નહી, તેમજ નીચે ૭ (૪) માં જણાવ્યા પ્રમાણેની પ્રવેશ ફી આપી હશે તે જ આ યુનિયનનો સભાસદ થઈ શકશે. પરંતુ યુનિયન નોંધાવવાની અસલ અરજી ઉપર સહી કરનાર શખ્સોને ઉપર જણાવેલ પેટા કલમ ૭ (૨) લાગુ પડશે નહીં.<br>નોંધ : પેટા નિયમ ૭ (૩) માં જણાવેલ સૂચિત સુધારા પ્રમાણે શેર ભંડોળ વધારવા માટે સભ્યોને સંઘ દ્વારા પુરતી તક આપવાની રહેશે. | સભાસદે ધારણ કરવાના ઓછામાં ઓછા શેરની મર્યાદામાં વધારો કરવા માટે. |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## સંઘના પેટાનિયમોમાં સુધારાઓ દર્શાવતું પત્રક

| અ. નં | પેટાનિયમ નંબર | ચાલુ પેટા નિયમ | સુધારેલો પેટા નિયમ | સુધારાના કારણો |
|---|---|---|---|---|
| ૫ | ૭(૫) | સાબરકાંઠા જિલ્લાની નોંધાયેલી કૃષિ ધિરાણ અને માર્કેટીંગ પ્રકારની સહકારી મંડળી જે આ યુનિયનની સભાસદ હશે તો તેવી મંડળીના કોઈપણ સભાસદથી જ "બ" વર્ગના શેરો ધારણ કરી શકાશે તથા યુનિયન સાથે વેપાર કરવા ઈચ્છેતી વ્યક્તિ, પેઢી કે મંડળી યુનિયનની વ્યવસ્થાપક કમિટિ મંજુર કરે તો "બ" વર્ગના શેર ધારણ કરી શકશે. | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની નોંધાયેલી કૃષિ ધિરાણ અને માર્કેટીંગ પ્રકારની સહકારી મંડળી જે આ યુનિયનની સભાસદ હશે તો તેવી મંડળીના કોઈપણ સભાસદથી જ "બ" વર્ગના શેરો ધારણ કરી શકાશે તથા યુનિયન સાથે વેપાર કરવા ઈચ્છતી વ્યક્તિ પેઢી કે મંડળી યુનિયનની વ્યવસ્થાપક કમિટિ મંજુર કરે તો "બ" વર્ગના શેર ધારણ કરી શકશે. | સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થવાના કારણે સુધારો કરેલ છે. |
| ૬ | ૩૩(૮) | સભાસદ મંડળીઓ તથા વ્યક્તિ સભાસદોને જરૂરીયાતનો માલ ખરીદી તેઓની યાદી પ્રમાણે પુરો પાડવા બનતા પ્રયત્નો કરવા તેમજ સભાસદોની સ્થાનિક હાજત જોઈને માલ વેચાણના સ્ટોરો ખોલવા તેમજ જો કોઈપણ સાબરકાંઠા જિલ્લાની નોંધાયેલી સહકારી મંડળી જે આ યુનિયનની સભાસદ હોય તે પોતાના સભાસદો ઉપર આપેલા માલના નાણાં યુનિયન માગણી કરે ત્યારે વસુલ આપવાની બાંહેધરી આપતી હોય તો યુનિયને ઠરાવેલી મુદત માટે માલ ઉધાર આપવામાં આવશે. આ ઉપરાંત સરકારી અગર અર્ધસરકારી સંસ્થાઓ "અ"વર્ગ તથા "બ" વર્ગ ના વ્યક્તિ સભાસદોને નાણાં સલામતી તપાસી યોગ્ય કિસ્સાઓમાં ઉધાર માલ વેચવામાં આવશે. આવું ઉધાર માલ વેચાણ કોઈપણ વ્યક્તિના દાખલામાં કમિટિની પરવાનગી સિવાય રૂપિયા દસ હજારથી વધશે નહીં. | સભાસદ મંડળીઓ તથા વ્યક્તિ સભાસદોને જરૂરીયાતનો માલ ખરીદી તેઓની યાદી પ્રમાણે પુરો પાડવા બનતા પ્રયત્નો કરવા તેમજ સભાસદોની સ્થાનિક હાજત જોઈને માલ વેચાણના સ્ટોરો ખોલવા તેમજ જો કોઈપણ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની નોંધાયેલી સહકારી મંડળી જે આ યુનિયનની સભાસદ હોય તે પોતાના સભાસદો ઉપર આપેલા માલના નાણાં યુનિયન માગણી કરે ત્યારે વસુલ આપવાની બાંહેધરી આપતી હોય તો યુનિયને ઠરાવેલી મુદત માટે માલ ઉધાર આપવામાં આવશે. આ ઉપરાંત સરકારી અગર અર્ધસરકારી સંસ્થાઓ "અ" વર્ગ તથા "બ" વર્ગના વ્યક્તિ સભાસદોને નાણાં સલામતી તપાસી યોગ્ય કિસ્સાઓમાં ઉધાર માલ વેચવામાં આવશે. આવું ઉધાર માલ વેચાણ કોઈપણ વ્યક્તિના દાખલામાં કમિટિની પરવાનગી સિવાય રૂપિયા દસ હજાર થી વધશે નહીં. | સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થવાના કારણે સુધારો કરેલ છે. |
| ૭ | ૪૨(૯) (અ) | ૧૦ ટકા ધર્માદા ફંડમાં લઈ જવા.<br><br>(અ) ૧૦% સાબરકાંઠા જિલ્લાની સાર્વજનિક સંસ્થાઓ અને પછાત વર્ગના ઉત્કર્ષ માટે અને સ્ટાફ અકસ્માત કુટુંબ નિભાવ માટે અલગ કાઢવામાં આવશે. આ માટે વ્યવસ્થાપક કમિટિ નિયમો ઘડશે અને તે મુજબ આપી શકશે. | ૧૦ ટકા ધર્માદા ફંડમાં લઈ જવા.<br><br>(અ) ૧૦% સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની સાર્વજનિક સંસ્થાઓ અને પછાત વર્ગના ઉત્કર્ષ માટે અને સ્ટાફ અકસ્માત કુટુંબ નિભાવ માટે અલગ કાઢવામાં આવશે. આ માટે વ્યવસ્થાપક કમિટિ નિયમો ઘડશે અને તે મુજબ આપી શકશે. | સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થવાના કારણે સુધારો કરેલ છે. |